For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા ગીતાબેન મકવાણા વડોદરા કોર્પોરેશનના મેયર બન્યા

વડોદરા મનપામાં 'નારી શક્તિ'નું શાસન

- પાંચ પદાધિકારીઓમાં ત્રણ મહિલા, સિનિયરોની બાદબાકી
- અસંતોષ ડામવા સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોની વરણીમાં તમામ જૂથોને સાચવી લેવાયા
- પક્ષના નેતા-દંડકની નિમણૂકમાં ભારે વિરોધાભાસ જોવા મળ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

વડોદરા મહાનગરપાલિકામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના એક મહિના બાદ આખરે સત્તાનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. આ વખતના શાસનની સૌથી મોટી અને ઐતિહાસિક વિશેષતા એ છે કે વડોદરા મનપાના ટોચના પાંચ મહત્વના હોદ્દાઓમાંથી ત્રણ મુખ્ય પદો પર મહિલાઓની નિમણૂક થતાં કોર્પોરેશનમાં ખરા અર્થમાં 'મહિલા રાજ' સ્થપાયું છે. નગરના પ્રથમ નાગરિક એવા મેયર પદે ગીતાબેન મકવાણા, નાણાકીય તિજોરીની ચાવી સંભાળતી સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદે વર્ષાબેન વ્યાસ અને શાસક પક્ષના નેતા તરીકે શ્વેતાબેન માછીની વરણી સાથે વડોદરાના વિકાસની કમાન નારી શક્તિના હાથમાં સોંપાઈ છે. આ નવી નિમણૂકો સાથે જ કોર્પોરેશનના રાજકારણમાં ભારે ઉથલપાથલ જોવા મળી છે, જેમાં કેટલાક સિનિયર સભ્યોની બાદબાકી થતાં આંતરિક સમીકરણો ગરમાયા છે. સંગઠન અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની આંતરિક ભલામણો અને ખેંચતાણ વચ્ચે આખરે પાંચેય હોદ્દાઓ પર પદાધિકારીઓની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. નિયમ અનુસાર આ વખતે વડોદરા કોર્પોરેશનમાં શિડ્યુલ કાસ્ટ (SC) ના મેયરની નિમણૂક કરવાની હતી. ટિકિટ ફાળવણી સમયે ભાજપ દ્વારા ત્રણ પુરુષ કાર્યકર્તાઓને ટિકિટ અપાઈ હતી જેઓ ઓછું ભણેલા હતા.

જ્યારે સામાન્ય બેઠક પરથી શિડ્યુલ કાસ્ટ જ્ઞાતિના મહિલા કાર્યકર્તા ગીતાબેન મકવાણાને મેદાનમાં ઉતારાયા હતા. શરૂઆતમાં એવી ચર્ચા હતી કે મેયર પદ પુરુષ અનામત માટે રહેશે, પરંતુ નિયમમાં માત્ર 'શિડ્યુલ કાસ્ટ' ઉલ્લેખિત હોવાથી અને પુરુષ ઉમેદવારોનું શૈક્ષણિક સ્તર ઓછું હોવાથી, ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા ગીતાબેન મકવાણાના નામ પર મહોર મારવામાં આવી છે. રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે તેમના નામનું સૂચન રાવપુરાના ધારાસભ્ય બાળુ શુક્લ અને અકોટાના ધારાસભ્ય ચૈતન્ય દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

પતરાની કેબિનથી મેયરની વાતાનુકૂલિત ચેમ્બર સુધીની સફર



ગીતાબેન મકવાણા આગામી અઢી વર્ષ સુધી વડોદરાના વહીવટ અને વિકાસની ધુરા સંભાળશે

વડોદરા : વડોદરા મહાનગરપાલિકાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્ણ થયાને આશરે એક મહિનો થવા આવ્યો છે ત્યારે નવા હોદ્દેદારોને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો છે. ભાજપ પ્રદેશ મોવડીમંડળની મંજૂરી બાદ વડોદરા મનપાના નવા સુકાનીઓના નામોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. ભાજપે આ વખતે મહિલા નેતૃત્વ પર વિશ્વાસ મૂકતા સામાન્ય પરિવારમાંથી આવતા અને નાનકડી કેબિન ચલાવતા ગીતાબેન મકવાણાને વડોદરાના નવા મેયર તરીકે જાહેર કર્યા છે. જ્યારે ડેપ્યુટી મેયર તરીકે આદિત્ય પટેલ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે વર્ષાબહેન વ્યાસના નામ પર મહોર મારવામાં આવી છે. આ નવી ટીમ આગામી અઢી વર્ષ સુધી શહેરના વિકાસ અને વહીવટની જવાબદારી સંભાળશે. ભાજપના આ નિર્ણયને મહિલા સશક્તિકરણના મજબૂત સંદેશ તરીકે જોવામાં આવી રહ્યો છે.

પ્રેરણાદાયી સફર

સામાન્ય પરિવારમાંથી આવતા ગીતાબેન પોતાના ઘરની બહાર નાનકડી કેબિન ચલાવી પરચુરણ વસ્તુઓ વેચીને પરિવારને મદદરૂપ બનતા હતા. ગઈકાલ સુધી સામાન્ય જીવન જીવતી મહિલા હવે વડોદરા શહેરના પ્રથમ નાગરિક તરીકે પસંદ થતાં રાજકીય વર્તુળોમાં આશ્ચર્ય અને પ્રશંસાનો માહોલ છે. હવે તેઓ મેયરની કેબિનમાં બેસીને શહેરના વિકાસ કાર્યોનું સુકાન સંભાળશે.

સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોમાં 'માનીતા' નેતાઓની ગોઠવણ

- **મનોજ શાહ:** સંગઠન, મંત્રી મનીષાબેન વકીલ અને સાંસદ હેમાંગ જોશીની ભલામણથી સ્થાન મળ્યું.
- **ભુપેન્દ્ર માછી:** માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલના ક્વોટામાંથી આવ્યા.
- **પરેશ બ્રહ્મભટ્ટ:** મહામંત્રી લકુલીશ ત્રિવેદીના આશીર્વાદથી પસંદગી થઈ.
- **ભાણજી પટેલ:** શહેર ભાજપ પ્રમુખ જયપ્રકાશ સોનીની ભલામણથી સ્થાન પામ્યા.
- **રીટા આચાર્ય:** પૂર્વ મેયર અને ધારાસભ્ય કેયુર રોકડિયાના સમર્થનથી આવ્યા.
- **નરવીર સિંહ ચુડાસમા:** અકોટાના ધારાસભ્ય ચૈતન્ય દેસાઈની ભલામણથી કમિટીમાં સ્થાન મળ્યું.
- **નીતિન દોંગા:** સહકારી અગ્રણી દિલીપ સાંઘાણીના ટેકાથી પસંદ થયા.
- **રીટાસીંગ:** પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીની સીધી ભલામણથી કમિટીમાં સ્થાન મેળવ્યું.

આ ઉપરાંત નિમિશાબેન પંચાલ, દીપિકાબેન પટણી અને ભુરસીંગ રાઠવાના નામો પણ સંગઠન અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની આંતરિક ગોઠવણના ભાગરૂપે મૂકવામાં આવ્યા હોવાની ચર્ચા રાજકીય ગલીઆરામાં જોરશોરથી ચાલી રહી છે.

ગીતાબેન મકવાણા (મેયર)

અભ્યાસ બી.કોમ., એલએલ.બી. (B.Com, LL.B)
રોકડ રકમ રૂ. 60 હજાર
સોનું 7 તોલા
જમીન નથી

આદિત્ય પટેલ (ડેપ્યુટી મેયર)

અભ્યાસ પોસ્ટ ગ્રેજ્યુએટ (Post Graduate)
રોકડ રકમ રૂ. 1.63 કરોડ
સોનું નથી
જમીન નથી

વર્ષાબેન વ્યાસ (સ્ટેન્ડિંગ ચેરમેન)

અભ્યાસ પોસ્ટ ગ્રેજ્યુએટ (Post Graduate)
રોકડ રકમ રૂ. 1.18 કરોડ
સોનું 25 તોલા
જમીન છે

વડોદરા પાલિકામાં 'HOD રાજ'નો અંત લાવવા કમિશનર એક્શન મોડમાં

રોડ-બ્રિજ વિભાગના મોડલ બાદ વર્ષો જૂની સિસ્ટમ બંધ થવાના એંધાણ

ગુજરાતમિત્ર સાથેની ખાસ વાતચીતમાં કમિશનર અરુણ મહેશ બાબુનો સ્પષ્ટ સંદેશ વચગાળાના પદો પર ચાલશે વહીવટી કાતર

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

વડોદરા મહાનગરપાલિકા ના વહીવટી તંત્રમાંથી એક સૌથી મોટા અને ચોંકાવનારા સમાચાર સામે આવી રહ્યા છે. પાલિકાના વિવિધ વિભાગોમાં વર્ષોથી ચાલી આવતી 'હેડ ઓફ ડિપાર્ટમેન્ટ' એટલે કે HOD સિસ્ટમ આગામી સમયમાં કાયમ માટે ભૂતકાળ બની જાય તેવી પ્રબળ શક્યતાઓ દેખાઈ રહી છે. તાજેતરમાં તંત્ર દ્વારા કરવામાં આવેલા એક આંતરિક મૂલ્યાંકન બાદ આ પદની ઉપયોગિતા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. ગુજરાતમિત્રના પ્રતિનિધિ સાથે વાત કરતા વડોદરા મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ જણાવ્યું હતું કે, પાલિકાના વહીવટી માળખાને વધુ સરળ, પારદર્શક અને ઝડપી બનાવવા માટે આ વર્ષો જૂની સિસ્ટમમાં મોટો વહીવટી ફેરફાર કરવા તરફ તંત્ર આગળ વધી રહ્યું છે. વડોદરા કોર્પોરેશનના અલગ-અલગ વિભાગોમાં કાર્યરત HOD ની કામગીરી અને ફાઈલોના નિકાલની પ્રક્રિયા અંગે ઉચ્ચ સ્તરે ખાસ સમીક્ષા હાથ કરવામાં આવી હતી. આ આંતરિક મૂલ્યાંકનમાં એક આશ્ચર્યજનક તારણ સામે આવ્યું છે કે, મહાનગરપાલિકાના અનેક મહત્વના વિભાગોમાં નિર્ણય લેવાની પ્રક્રિયા અને રોજિંદી કામગીરી સીધી વિભાગીય અધિકારીઓ અને ઉચ્ચ વહીવટી અધિકારીઓ વચ્ચે જ સંપન્ન થાય છે. વચગાળાની કડી સમાન HOD પાસે કોઈ ખાસ મહત્વની જવાબદારી કે સત્તા ન હોવાનું સત્તાવાર રીતે બહાર આવ્યું છે. આમ, સમીક્ષામાં HODનું પદ માત્ર શોભાના ગાંઠિયા સમાન સાબિત થતાં હવે આ વ્યવસ્થા ચાલુ રાખવા સામે જ પ્રશ્નાર્થ ચિહ્ન લાગી ગયું છે. રોડ અને બ્રિજ વિભાગમાં છેલ્લા ઘણા લાંબા સમયથી HODની જગ્યાઓ ખાલી પડી છે. આ જગ્યાઓ ખાલી હોવા છતાં તંત્ર દ્વારા ત્યાં કોઈ નવી નિમણૂક કરવામાં આવી નથી. આ બંને મોટા વિભાગોની કામગીરી કોઈપણ પ્રકારની અડચણ વિના એકદમ સરળતાથી અને ટકોરાબંધ ચાલી રહી છે. આ બાબત સાબિત કરે છે કે HOD ની ગેરહાજરીથી વહીવટી કામગીરી પર કોઈ નકારાત્મક અસર પડતી નથી. મહા નગરપાલિકાના વહીવટી ચીલાને બદલવા અને ફાઈલોની ગતિ વધારી કામગીરીને વધુ વેગવંતી બનાવવા માટે મ્યુનિસિપલ કમિશનર કટિબદ્ધ બન્યા છે.

વડોદરામાં ગરમીનો પારો ૪૦.૨ ડિગ્રીએ

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

વડોદરા શહેરમાં ગરમી અને બફારાનો પ્રકોપ યથાવત રહ્યો છે. હવામાન વિભાગના આંકડા મુજબ ગુરુવારે વડોદરાનું મહત્તમ તાપમાન 40.2 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 30.0 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું, જેના કારણે રાત્રે પણ ગરમીથી રાહત મળી નથી. હવામાં ભેજનું પ્રમાણ સવારે 67% નોંધાતા લોકોએ પરસેવો અને બફારાનો સામનો કરવો પડ્યો હતો. જોકે સાંજે ભેજનું પ્રમાણ ઘટીને 36% થતા સામાન્ય રાહત અનુભવાઈ હતી. હવામાન વિભાગની ધારણા પ્રમાણે મે મહિનાના અંતિમ દિવસોમાં રાજ્યના હવામાનમાં પલટો આવવાની શરૂઆત થશે. ખાસ કરીને 30 મેથી 1 જૂન દરમિયાન વિવિધ વિસ્તારોમાં વરસાદી માહોલ જામી શકે છે. આ સમયગાળા દરમિયાન કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ, કડાકા-ભડાકા અને તીવ્ર ગતિના પવન સાથે પ્રી-મોન્સૂન વરસાદ વરસી શકે છે, જે ઉનાળાની વિદાય અને ચોમાસાના આગમન પૂર્વેની દસ્તક સમાન બની રહેશે.

બંને આરોપીઓએ મેડિકલનું બહાનું આગળ ધરીને જામીન માગ્યા

શેખ બાબુ કસ્ટોડિયલ ડેથ કેસ, પંકજ રાઠોડ- યોગેન્દ્રસિહના જામીન નામંજૂર

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

વડોદરાના બહુચર્ચિત ફતેગંજ શેખ બાબુ કસ્ટોડિયલ ડેથ કેસમાં બે આરોપી પંકજ માવજી રાઠોડ અને યોગેન્દ્ર ચૌહાણની જામીન અરજી કોર્ટે નામંજૂર કરી દીધી છે.આ કેસમાં શેખ બાબુને પોલીસ સ્ટેશનમાં ગેરકાયદેસર રીતે રાખી મારમારીને મોત નિપજાવવાનો તેમજ ત્યારબાદ પુરાવાનો નાશ કરવાનો ગંભીર આરોપ કરાયો હતો. તા. 10 ડિસેમ્બર 2019ના રોજ ફતેગંજ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફમાં ફરજ બજાવતા કેટલાક પોલીસ અધિકારીઓએ શેખ બાબુને ચોરીના ગુનાની પૂછપરછ માટે પોલીસ સ્ટેશનમાં લવાયો તેને કોમ્પ્યુટર રૂમમાં ખુરશી સાથે બાંધી રાખી લાંબા સમય સુધી મારમાર્યો હતો. ગંભીર ઈજાઓને કારણે તેનું મૃત્યુ થયું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ત્યારબાદ લાશ સગેવગે કરી અને કેસ સંબંધિત દસ્તાવેજો તથા કોમ્પ્યુટર ડેટા ડિલીટ કરી પુરાવાનો નાશ કરાયા હોવાના પણ આક્ષેપ છે. જામીન અરજી દરમિયાન બચાવ પક્ષના વકીલે દલીલ કરી હતી કે પંકજ રાઠોડને ઓર્થોપેડિક દેખરેખ અને ફિઝિયોથેરાપી તેમજ આરોપી યોગેન્દ્ર ચૌહાણ ની પત્નીને હોસ્પિટલમાંથી રજા આપી હોય સંભાળ રાખવાની જરૂર છે, જે જેલમાંથી શક્ય નથી. યોગ્ય સારવાર ન મળે તો કાયમી નુકસાન થઈ શકે હોવાનું પણ રજૂ કરાયું હતું. સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટરે જેલના મેડિકલ ઓફિસરના રિપોર્ટનો હવાલો આપી જણાવ્યું હતું કે આરોપીને જેલમાં પૂરતી સારવાર અપાય છે તથા યોગેન્દ્ર ની પત્નીની પણ અન્ય લોકો સંભાર રાખી શકે તેમ હોય બંને પક્ષોની દલીલો અને મેડિકલ રિપોર્ટનો અભ્યાસ કર્યા બાદ કોર્ટે ગુનાની ગંભીરતા, પુરાવા સાથે ચેડાંના આક્ષેપો અને તપાસની સ્થિતિને ધ્યાનમાં રાખી પંકજ માવજી રાઠોડ અને યોગેન્દ્રસિંહ ચૌહાણ ની જામીન અરજી ફગાવી દીધી હતી.

GCAS પોર્ટલ પર અડધાથી પણ ઓછું રજિસ્ટ્રેશન

UGની ૫.૫૦ લાખ બેઠકો સામે ૨.૫૦ લાખ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી

30 મેથી બીજા રાઉન્ડ માટે નવેસરથી અરજી શરૂ, કેટેગરી બદલવાની પણ છૂટ

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ (GCAS) દ્વારા ચાલી રહેલી રાજ્યની અંડર ગ્રેજ્યુએશન પ્રવેશ પ્રક્રિયામાં આવતીકાલે રજિસ્ટ્રેશન કરવાનો છેલ્લો દિવસ છે. રાજ્યભરની અંદાજે 5.50 લાખથી વધુ યુજી બેઠકો સામે અત્યાર સુધીમાં માત્ર 2.95 લાખ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે, જેમાંથી અંદાજે 2.50 લાખ વિદ્યાર્થીઓએ ફી ભરીને રજિસ્ટ્રેશન કન્ફર્મ પણ કરી દીધું છે.

એટલે કે કુલ બેઠકોની સરખામણીએ લગભગ 50 ટકા જેટલા જ કન્ફર્મ રજિસ્ટ્રેશન નોંધાયા છે. જીકાસ પોર્ટલ પરની વિગતો મુજબ મોટા ભાગના વિદ્યાર્થીઓએ સરકારી યુનિવર્સિટીઓ અને કોલેજોને પ્રાથમિકતા આપી છે. માત્ર ગુજરાત યુનિવર્સિટીની કોલેજોમાં પ્રવેશ માટે જ અંદાજે 62 હજાર વિદ્યાર્થીઓએ પસંદગી નોંધાવી હોવાનું સામે આવ્યું છે.

રાજ્યની સરકારી યુનિવર્સિટીઓ ઉપરાંત કેટલીક ખાનગી યુનિવર્સિટીઓમાં પણ પ્રવેશ પ્રક્રિયા GCAS મારફતે ચાલી રહી છે. જીકાસ સામે અગાઉથી વિરોધ હોવા છતાં વિદ્યાર્થીઓમાં સરકારી કોલેજોમાં પ્રવેશ મેળવવાનો ઝોક યથાવત જોવા મળી રહ્યો છે. આવતીકાલે વધુ 25 હજાર જેટલા વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરે તો પણ કુલ બેઠકોની સામે નોંધણીનો આંક 50 ટકા આસપાસ જ રહેવાની શક્યતા છે. પ્રવેશ પ્રક્રિયાના આગામી રાઉન્ડ માટે 30 મે સવારે 11 વાગ્યાથી 6 જૂન રાત્રે 11:59 વાગ્યા સુધી ફરી રજિસ્ટ્રેશન શરૂ થશે. ત્રીજો રાઉન્ડ 8 થી 13 જૂન અને ચોથો રાઉન્ડ 15 થી 20 જૂન દરમિયાન યોજાશે. દરેક રાઉન્ડ પહેલા વિદ્યાર્થીઓએ નવેસરથી રજિસ્ટ્રેશન કરાવવું પડશે. GCAS પોર્ટલ પર હવે કેટેગરીમાં ફેરફાર કરવાની સુવિધા પણ શરૂ કરાઈ છે.

અનામત અથવા PWD કેટેગરીમાં અરજી કરનાર વિદ્યાર્થી જનરલ કેટેગરીમાં જવા માંગે તો વધારાની રૂ.150 ફી ભરીને ફેરફાર કરી શકશે. ઉપરાંત નોન-ક્રિમિલેયર સર્ટિફિકેટ વગર પણ અરજી કરી શકાશે, પરંતુ પ્રવેશ કન્ફર્મ કરતી વખતે તે રજૂ કરવું ફરજિયાત રહેશે.

શોર્ટ સર્કિટ અથવા બેટરી ઓવરહીટ થવાની આશંકા

ન્યૂ સમા રોડ પર ઈલેક્ટ્રિક સ્કૂટરમાં આગથી દોડધામ

વડોદરાઃ વડોદરા શહેરના ન્યૂ સમા વિસ્તારમાં ચાલુ ઈલેક્ટ્રિક સ્કૂટરમાં અચાનક આગ લાગવાનો ગંભીર બનાવ સામે આવતા સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો છે. આ ઘટનાને પગલે ઈલેક્ટ્રિક વાહન ચાલકોની સુરક્ષા સામે મોટા સવાલો ઉભા થયા છે. મળતી વિગતો અનુસાર, વડોદરાના એક વ્યસ્ત માર્ગ પરથી પસાર થઈ રહેલા ઈલેક્ટ્રિક સ્કૂટરમાં એકાએક ટેકનિકલ ખામી અથવા બેટરી શોર્ટ સર્કિટના કારણે ધુમાડા નીકળવા લાગ્યા હતા. વાહન ચાલક કંઈ સમજે તે પહેલાં જ જોતજોતામાં આખું સ્કૂટર આગની લપેટમાં આવી ગયું હતું. ચાલુ વાહને આગ લાગતાં જ ચાલકે સમયસૂચકતા વાપરીને સ્કૂટર રસ્તાની બાજુ પર ઊભું રાખી દીધું હતું અને પોતે દૂર ખસી જતાં તેનો આબાદ બચાવ થયો હતો.

રસ્તાની મધ્યમાં વાહન ભડભડ સળગવા લાગતાં આસપાસના વાહનચાલકો અને રાહદારીઓમાં ભારે નાસભાગ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક ફાયર બ્રિગેડને કરવામાં આવી હતી. માહિતી મળતાની સાથે જ ફાયર ફાઈટરોની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર વિભાગના જવાનોએ ભારે જહેમત બાદ પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે, આગ એટલી ભીષણ હતી કે ફાયર ટીમ પહોંચે તે પહેલાં જ આખું ઈલેક્ટ્રિક સ્કૂટર બળીને ખાખ થઈ ગયું હતું.

ડ્રાઈવરની હોશિયારીથી આબાદ બચાવ

મધ્યપ્રદેશમાં ગુજરાતી પ્રવાસીઓ પર પથ્થરમારો, લૂંટનો પણ પ્રયાસ

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર 20થી 25 લોકોના ટોળાએ હુમલો કર્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

વડોદરાથી ધાર્મિક પ્રવાસે ગયેલા ગુજરાતી પ્રવાસીઓ પર મધ્યપ્રદેશમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર પથ્થરમારો થવાની ગંભીર ઘટના સામે આવી છે. ઉજ્જૈન, જગન્નાથપુરી, કાશી અને અયોધ્યાની યાત્રા પૂર્ણ કરી ગુજરાત પરત ફરી રહેલી ખાનગી બસ પર મધરાતે 20થી 25 લોકોના ટોળાએ હુમલો કર્યો હતો. હુમલામાં બસના આગળના કાચ તૂટી ગયા હતા અને ડ્રાઈવર સહિત બે લોકો ઈજાગ્રસ્ત થયા હતા. સાથે પાછળ આવતી અન્ય કેટલીક ગાડીઓ પર પણ હુમલો થયો હોવાના વીડિયો

સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. પ્રવાસીઓના જણાવ્યા મુજબ રાત્રે અંદાજે એક વાગ્યાની આસપાસ એક ટોલટેક્સ નજીક ટોળાએ બસ રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે ડ્રાઈવરે હિંમત રાખી બસ નહીં રોકતા હુમલાખોરોએ અચાનક પથ્થરમારો શરૂ કર્યો હતો. ડ્રાઈવર ઈજાગ્રસ્ત થવા છતાં બસ દોડાવી સુરક્ષિત સ્થળે લઈ ગયો હતો. ઘટના બાદ ઝાપાવાળા ટોલટેક્સ પર બસ પહોંચતા ત્યાં પણ મુસાફરોએ નારાજગી વ્યક્ત કરી હતી. એક મુસાફરે વીડિયો બનાવી આક્ષેપ કર્યો હતો કે પથ્થરમારો અને લૂંટફાટનો પ્રયાસ થયો હોવા છતાં ટોલકર્મીઓ પૈસા માંગતા રહ્યા. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ હાઈવે બનાવ્યા છે તો મુસાફરોની સુરક્ષાની જવાબદારી પણ લેવી જોઈએ. પ્રવાસીઓએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે પોલીસને જાણ કરવા છતાં દોઢ કલાક સુધી કોઈ મદદ મળી નહોતી. સાથે મેડિકલ ટીમ પણ સમયસર પહોંચી ન હતી. ખાનગી ટ્રાવેલ્સના ચાલકે જણાવ્યું હતું કે જો બસ રોકી હોત તો મુસાફરો લૂંટાઈ જતા. તેથી જીવના જોખમે બસ આગળ દોડાવી હતી.આ ઘટનાએ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર મુસાફરોની સુરક્ષા અંગે અનેક સવાલો ઉભા કર્યા છે.

સ્થાનિકોને પ્રોત્સાહન પેનલ સાથે સોલાર સેલ પણ ALM લિસ્ટમાં હોવા ફરજિયાત, સબસિડી ચાલુ રહેશે,પણ નિયમો કડક થશે

હવે, મેડ ઈન ચાઈના સોલાર સેલ્સ પર સરકારની બ્રેક

1 જૂન 2026થી સોલાર પેનલના નવા નિયમો: પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ સબસિડી યથાવત રહેશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

સરકાર 1 જૂન, 2026થી સોલાર પેનલ ઈન્સ્ટોલેશન માટે નવા નિયમો લાગુ કરવા જઈ રહી છે. આ નવા નિયમો હેઠળ હવે સોલાર પેનલ સાથે તેમાં ઉપયોગમાં લેવાતા સોલાર સેલ્સ પણ સરકાર દ્વારા મંજૂર કરાયેલી યાદીમાં સામેલ હોવા જરૂરી રહેશે. સરકારના આ પગલાનો મુખ્ય હેતુ દેશમાં સ્થાનિક સોલાર ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો અને વિદેશી આયાત, ખાસ કરીને ચીન પરની નિર્ભરતા ઘટાડવાનો છે. સરકાર દ્વારા લાગુ કરવામાં આવતો આ નિયમ ALM એટલે કે એપ્રૂવડ લિસ્ટ ઓફ મોડેલ્સ તરીકે ઓળખાય છે. અત્યાર સુધી સરકાર ફક્ત સોલાર મોડ્યુલની મંજૂરી આપતી હતી, પરંતુ હવે 1 જૂનથી સોલાર પેનલમાં વપરાતા સોલાર સેલ્સ પણ સરકારની મંજૂર યાદીમાં હોવા ફરજિયાત રહેશે. આ નિયમ ખાસ કરીને સરકારી સબસિડી યોજનાઓ, નેટ મીટરિંગ અને મોટા સોલાર પ્રોજેક્ટ્સ માટે લાગુ પડશે.

તેનાથી ગુણવત્તામાં સુધારો થશે અને મેક ઈન ઈન્ડિયા અભિયાનને પણ મજબૂતી મળશે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર નવા એએલએમ નિયમોના કારણે સોલાર પેનલના ખર્ચમાં થોડો વધારો થઈ શકે છે. 1 કિલોવોટ સિસ્ટમ લગભગ 3,000 સુધીનો વધારો ,2 કિલોવોટ સિસ્ટમ,6,000 સુધીનો વધારો અને 3 કિલોવોટ સિસ્ટમમાં 9,000 સુધીનો વધારો. જો બજારમાં પુરવઠાની અછત સર્જાય તો કિંમતમાં વધુ વધારો થવાની શક્યતા પણ નકારી શકાય નહીં. જોકે, દરેક ગ્રાહક માટે આ અસર સમાન નહીં હોય. ખાસ કરીને જેમને સબસિડી અથવા નેટ મીટરિંગની જરૂર નથી, તેમના માટે મોટા ફેરફાર જોવા નહીં મળે. સોશિયલ મીડિયા પર સોલાર સબસિડી બંધ થવાની અફવાઓ ચાલી રહી છે, પરંતુ હકીકતમાં એવી કોઈ જાહેરાત કરવામાં આવી નથી. પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ સબસિડી યથાવત રહેશે.

1 જૂન પછી શું બદલાશે ?

1 જૂન પછી સબસિડી આધારિત સોલાર સિસ્ટમ માટે વધુ નિયમોનું પાલન કરવું પડશે. સબસિડી મેળવવા માટે યોગ્ય દસ્તાવેજીકરણ, નિરીક્ષણ અને સરકાર દ્વારા નક્કી કરેલી પ્રક્રિયાઓનું પાલન કરવું ફરજિયાત રહેશે. મુખ્ય હેતુ જો વીજળી બિલમાં બચત કરવાનો હોય અને કાગળકામ માટે તૈયાર હો, તો સબસિડી રૂટ સારો વિકલ્પ બની શકે છે. બીજી તરફ, જો તમને આધુનિક ટેક્નોલોજી, લાંબા ગાળાનો લાભ અને પાવર બેકઅપ જેવી સુવિધાઓ જોઈએ છે, તો ફ્રીડમ રૂટ એટલે કે સબસિડી વગરનો વિકલ્પ વધુ ફાયદાકારક સાબિત થઈ શકે છે.

હાલમાં સરકાર દ્વારા 1 કેડબ્લ્યુ માટે 30,000, 2 કેડબ્લ્યુ માટે 60,000 અને 3 કેડબ્લ્યુ સુધીની સિસ્ટમ માટે 78,000 સુધીની સબસિડી આપવામાં આવી રહી છે. કેટલાક રાજ્યોમાં વધારાની સબસિડીનો લાભ પણ મળી રહ્યો છે. સોલાર સિસ્ટમ ઈન્સ્ટોલ કરતા પહેલા ઉતાવળ ન કરો. તમારી જરૂરિયાત, બજેટ અને વીજળીના ઉપયોગને ધ્યાનમાં રાખીને જ યોગ્ય વિકલ્પ પસંદ કરો. વિશ્વસનીય અને અનુભવી સોલાર વિક્રેતા પાસેથી સંપૂર્ણ માહિતી મેળવવી હિતાવહ છે.

બનાવટી બિલ રજૂ કરી ભાગીદારે કેનેડાના વેપારીને રૂ.૬.૧૮ કરોડનો ચૂનો ચોપડયો

મુંદ્રા પોર્ટ પરથી લાકડાનો જથ્થો મેળવી રૂપિયા નહીં ચૂકવી છેતરપિંડી

અમદાવાદના સાત ભાગીદારો સામે ડભોઈ પોલીસમાં ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

વડોદરાના ડભોઈ તાલુકાના મૂળ વતની અને હાલ કેનેડામાં વસતા લાકડાના વેપારી સાથે અમદાવાદની જય જલારામ શો મિલના ભાગીદારોએ કરોડોની છેતરપિંડી આચરતાં ચકચાર મચી છે. આરોપીઓએ કેનેડાથી મંગાવેલા લાકડાનો જથ્થો મુંદ્રા પોર્ટ પરથી બનાવટી બિલના આધારે મેળવી વેપારીને રૂપિયા 6.18 કરોડની છેતરપિંડી કર્યાનો આક્ષેપ છે. સમગ્ર મામલે ડભોઈ પોલીસ મથકે સાત ભાગીદારો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ડભોઈ તાલુકાના મંડાળા ગામના ઊંડા ચોક ફળિયાના વતની અને હાલ કેનેડામાં કેનેડા ઈન કોર્પોરેશન નામની પેઢી ચલાવતા સુહૃદકુમાર ચંદ્રકાંત પટેલ લાકડાના વેપાર સાથે સંકળાયેલા છે. અમદાવાદના જશોદાનગર ચાર રસ્તા પાસે આવેલી જય જલારામ શો મિલના સંચાલકો અરજણ કરશનભાઈ પટેલ, શંકરલાલ કરશનભાઈ પટેલ, બાબુ કરશનભાઈ પટેલ, ચેતનભાઈ બાબુભાઈ પટેલ, અલ્પેશ બાબુભાઈ પટેલ, નીરવ પરાગભાઈ પટેલ અને પરાગ બાબુભાઈ પટેલે વિવિધ પ્રકારના લાકડાની ખરીદી માટે ઓર્ડર આપ્યો હતો. સુહૃદ પટેલે સાઉથરન યેલો પાઈન, કોસ્ટા ટીક અને ઈસ્ટન વાઈટ પાઈન સહિતના લાકડાનો જથ્થો શીપ મારફતે મુંદ્રા પોર્ટ પર મોકલ્યો હતો. જોકે, આરોપીઓએ કસ્ટમ હાઉસમાં મૂળ બિલિંગ રકમ કરતા ઓછી રકમ દર્શાવી હતી. સાથે જ સુહૃદ પટેલની કંપનીનું નામ દૂર કરી વી.કે. ગ્લોબલ નામની કંપનીના ખોટા અને બનાવટી બિલ તૈયાર કરી તેને સાચા તરીકે રજૂ કર્યા હતા. આ બનાવટી દસ્તાવેજોના આધારે આરોપીઓએ લાકડાનો જથ્થો મેળવી લીધો હતો અને બાદમાં વારંવાર માંગણી છતાં રૂપિયા 6.18 કરોડ પરત ન આપતા આખરે છેતરપિંડી બહાર આવી હતી.